## વડીલોને વંદન અભિનંદન

આજે જન્મદિવસ



જેઠાભાઈ છગનદાસ પટેલ
(૧૯૪૫) ફોન : ૨૩૨ ૨૮૬૯૩



માયાબેન આર. પટેલ
(૧૯૩૪) ફોન : ૨૩૨ ૨૩૫૦૧



દિનેશચંદ્ર રમેશચંદ્ર શાહ
(૧૯૪૪) ફોન : ૨૩૨ ૩૦૪૩૫

# પૂર્વ ગૃહ રાજ્યમંત્રી પ્રબોધકાંત પંડ્યા ભાજપ છોડીને કેશુભાઈના પક્ષમાં જોડાયા

ગાંધીનગર, તા. ૭

કેશુભાઈ પટેલે ગઈકાલે વિધિવત રીતે નવા પક્ષની રચના કરતાં ભાજપ કોંગ્રેસમાંથી નારાજ પૂર્વ ધારાસભ્યો અને આગેવાનો પક્ષ છોડીને કેશુભાઈના પક્ષમાં જોડાવાની દોડ શરૂ કરી દીધી છે.

ગુજરાત વિધાનસભાની ચૂંટણી આડે હવે માત્ર ત્રણ મહિના જ બાકી રહ્યા છે ત્યારે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી સામે ખુલ્લો જંગ છેડનાર ગુજરાત ભાજપના વરીષ્ઠ નેતા અને પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલે ભાજપમાંથી રાજીનામુ આપી દીધા બાદ ગઈકાલે ગુજરાત પરિવર્તન પાર્ટી નામની નવા પ્રાદેશિક પક્ષની સ્થાપના કરી ભાજપ સામે શંખનાદ ફૂંક્યો છે.

કેશુભાઈ પટેલે નવા પક્ષની રચના કરતાં ભાજપ અને કોંગ્રેસ પક્ષના કેટલાક નારાજ આગેવાનો અને પૂર્વ ધારાસભ્યોએ પોતાનો પક્ષ છોડીને નવા રચાયેલ કેશુભાઈના ગુજરાત પરિવર્તન પાર્ટીમાં જોડાવા માટેની દોડ શરૂ કરી છે.

એક સમયે કોંગ્રેસના શાસનમાં ગૃહ રાજ્યમંત્રી રહી ચૂકેલા અને ત્યારબાદ ભાજપમાં જોડાઈને ભાજપના ધારાસભ્ય રહી ચૂકેલા પૂર્વ ધારાસભ્ય પ્રબોધકાંડ પંડ્યાએ આજે ભાજપમાંથી રાજીનામુ આપીને કેશુભાઈના પક્ષમાં જોડાઈ ગયા છે.

કેશુભાઈના નિકટવર્તી વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આગામી દિવસોમાં ભાજપ અને કોંગ્રેસમાંથી મોટાપાયા પર આગેવાનો અને પૂર્વ ધારાસભ્યો પૂર્વ સાંસદો પક્ષ છોડીને કેશુભાઈ સાથે જોડાઈ જાય તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

વિધાનસભાની ચૂંટણી નજીક આવતી જાય છે તેમ તેમ રાજકીય ગતીવિધિઓ તેજ બનવા પામી છે. એટલુ જ નહી નારાજ આગેવાનો કાર્યકરો પક્ષ છોડીને બીજા પક્ષમાં જોડાવાની મોસમ પણ શરૂ થવા પામી છે. જો કે હજુ કોઈ પણ પક્ષમાંથી મોટા દિગ્ગજ નેતા કે વગદાર નેતા કોઈ પક્ષ છોડીને અન્ય પક્ષમાં જોડાયા નથી.

પ્રાપ્ત વિગતો મુજબ કેશુભાઈ જુથે ભાજપ અને કોંગ્રેસના નારાજ આગેવાનો અને પૂર્વ ધારાસભ્યોનો સંપર્ક સાધવાની શરૂઆત કરી છે અને આ લોકોને મનાવીને ગુજરાત પરીવર્તન પાર્ટીમાં લાવવા માટેના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા હોવાનું જાણવા મળે છે.

ખાસ કરીને ભાજપ છોડીને રાજ્યમાં અને ત્યારબાદ કોંગ્રેસમાં ગયેલા મૂળ ભાજપ ગોત્રના કેટલાક પૂર્વ ધારાસભ્યોને ગુજરાત પરિવર્તન પાર્ટીમાં લાવવા માટેના ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે.




ખારીકટ અને ફતેહવાડી કેનાલમાં નર્મદાનાં પાણી છોડવાના મુખ્યમંત્રીના નિર્ણયને અમદાવાદ અને ખેડાના કિસાનોએ વધાવતાં મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીનો આભાર માન્યો હતો.

# સમાચાર ઝલક

- હવે મેરીકોન સેમીફાઇનલમાં પહોંચી વધુ એક ચંદ્રક નક્કી.
- ભારતમાં જમીન સંબંધી પ્રશાસનિક સેવાઓ માટે લાંચ અપાય છે.
- બોમ્બમાં વપરાતાં પદાર્થને જંગી જથ્થો દર વર્ષે ગુમ થાય છે. પ્રતિવર્ષ ૩૫૦૦ ટન એમોનિયમ નાઇટ્રેટ ગુમ થાય છે.
- ભારતની જાસૂસી સંસ્થાના અફસરને ચીનમાં નબળી કામગીરી બદલ હાંકી કાઢ્યા.
- ૧૮ વીઘાનો કપાસ નિષ્ફળ જવાની બીકે સાવરકુંડલાના રબારીકા ગામા ખેડૂતનો આપઘાત.
- અનુરાધા બાલી ઉર્ફે ફિઝાનો મૃતદેહ સંદિગ્ધ અવસ્થામાં મળી આવ્યો.
- વરસાદ ન પડવાથી આગાહી કરાઇ ખેડૂતો બેહાલ બન્યા.
- બ્યુટી ક્વિન ઐશ્વર્યારાય બચ્ચને જાહેરાત માટે શૂટીંગ કર્યું.
- અલનીનો ભારતના શિયાળાને પણ વેરવિખેર કરી શકે.
- સાતમ-આઠમના ફરસાણો ઘરે બનાવવા પણ મોંઘા : બેસન સહિત ભાવ ઊંચા.
- પૂનામાં એક નાટક દરમિયાન પરેશ રાવલ નાદુરસ્ત તબિયતના કારણે પડી ગયા.
- રાહુલ ગાંધીએ 'ગૂપચૂપ' મોટી ભૂમિકા સંભાળી લીધી.
- વતનમાં રૂપિયા મોકલવામાં કચ્છી એન.આર.આઇ. ગુજરાતીઓમાં પ્રથમ.
- દેશમાં સ્વાસ્થ્ય સુધારવા દરેક જિલ્લામાં બનશે મેડિકલ કોલેજ : આયોજનપંચની યોજના.
- કોઇ પણ ક્ષેત્રે ભુદેવોની નોંધ લેવી પડશે, બ્રહ્મશક્તિ જાગૃત થઇ રહી છે, રાજકોટમાં બ્રહ્મસમાજના ઉપવાસના સંમેલનમાં રણટંકાર.
- મોદી સરકાર સામે ૧૩ મુખ્ય પડકારો મુંઝવી રહ્યા છે, દુષ્કાળ, કોમી તોફાનોના ચુકાદા, સરકારી કર્મચારી આંદોલન, કટ્ટર હિન્દુવાદીઓની ખફા.
- કાળા નાણાંનો સૌથી વધુ વપરાશ ચૂંટણી, રિયલ એસ્ટેટમાં.

# બાદરપુરામાં નાગપંચમી નિમિત્તે હવન યોજાયો

(તસવીર : કાન્તીલાલ લોધા)



ડીસા, તા. ૭

પાલનપુર તાલુકાના બાદરપુરા ભુતેડી ગામે સોમપુરી ગૌસ્વામીના ખેતરમાં આવેલ ગોગા મહારાજના મંદિરે નાગપંચમી નિમિત્તે દર વર્ષની જેમ આ વર્ષે પણ હવનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગામ તેમજ આજુબાજુના ગામોમાંથી મોટી સંખ્યામાં ધર્મપ્રેમી જનતા ઉમટતા મેળા જેવો માહોલ સર્જાયો હતો.


હવનના આયોજક અમીશપુરી સ્વામીએ જણાવ્યું હતું કે દર પાંચમે ગોગા મહારાજની અખંડ જ્યોત થાય છે. અહી પુજારી દ્વારા ગૌશાળા બનાવવાનું નક્કી કરવામાં આવ્યું છે. પરચા ધારી ગોગા મહારાજ અને ચેહરમાતાના મંદિરે લોકો દર્શન માટે ઉમટી પડે છે. શ્રીફળના તોરણ અને અન્ય માનતાઓ માને છે જેમ જેમ લોકોના કામ થાય તેમ તેમ ભાવિકો દર્શન માટે આવે છે. આ પ્રસંગે સ્વામી અમીપપુરી તેમજ પ્રદીપપુરી તેમજ સમગ્ર ગૌસ્વામી પરિવારે જહેમત ઉઠાવી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# દક્ષિણ ગુજરાતના કેટલાક વિસ્તારમાં વરસાદી ઝાપટાં

અમદાવાદ, તા.૭

અમદાવાદ અને ગાંધીનગર સહિત દક્ષિણ ગુજરાતના અનેક વિસ્તારોમાં આજે વરસાદના હળવા ઝાપટા પડ્યા હતા. ખાસ કરીને માંગરોળમાં ૧૭ મીમી અને ઉમરપાડામાં ૮ મીમી વરસાદ નોંધાયો હતો. હવામાન વિભાગે ચેતવણી આપી છે કે આગામી ૩૬ કલાક દરમિયાન રાજ્ય, દમણ અને દાદરાનગર હવેલીના કેટલાક વિસ્તારોમાં ભારેથી અતિ ભારે વરસાદ પડવાની શક્યતા છે છેલ્લા ઘણા દિવસોથી અમદાવાદ સહિત રાજ્યમાં વરસાદનો છાંટો પડ્યો નથી. રાજ્યમાં દુષ્કાળની ઘડીઓ ગણાઈ રહી છે ત્યારે આજે અમદાવાદ સહિત દક્ષિણ ગુજરાતના અનેક વિસ્તારોમાં વરસાદ પડ્યો હતો. ખાસ કરીને ગાંધીનગર, જામજોધપુર, બાવળા, ધોળકા, ડેડીયાપાડા, નીઝર, સોનગઢ, વાલોડ, ઓલપાડ, નવસારી, વલસાડ, ડાંગમાં વરસાદના હળવા ઝાપટા પડ્યા હતા. હવામાન વિભાગની આગાહી છે કે આવતીકાલે અમદાવાદમાં આકાશ વાદળછાયુ રહેશે અને વરસાદ પડવાની શક્યતા છે. જ્યારે રાજ્યના તમામ જિલ્લા, દીવ, દમણ અને દાદરા-નગર-હવેલીમાં કેટલાક સ્થળોએ વરસાદના મધ્યમથી ભારે ઝાપટા પડવાની શક્યતા છે. અમદાવાદમાં આજે મહત્તમ તાપમાન ૩૫.૧ ડીગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૭.૦ ડીગ્રી નોંધાયું હતું. હવામાં ભેજનું પ્રમાણ સવારે ૮.૩૦ વાગ્યે ૭૪ ટકા અને સાંજે ૫.૩૦ વાગ્યે ૬૪ ટકા નોંધાયુ હતું.

## શબ્દાવલી - ૪૮૧૧



**આડી ચાવી**

૧. ગાલ પચોળુ (૪)
૪. ખુબ મોટું, વિરાટ (૩)
૬. ગ્રહ નક્ષત્ર વગેરે સંબંધી શાસ્ત્ર (૫)
૭. દખલ, સખળ... (૩)
૧૦. ચારિત્ર્ય (૨)
૧૧. પીડા, વિપદા (૩)
૧૩. ગાયો મારે શીંગડા અને ગધેડા મારે... (૨)
૧૪. ઘોષ, ધ્વનિ (૨)
૧૬. રાક્ષસી, પિશાચી (૩)
૧૭. રાખ, રખ્યા (૨)
૧૮. કાલનું કામ.... કરો, આજનું અત્યારે (૨)
૧૯. ઉગ્ર, આકરૂં (૩)
૨૦. જાર-બાજરીના સૂકા સાંઠા (૩)
૨૧. સુસ્તી, એદીપણુ (૩)

**ઊભી ચાવી**

૧. એક પ્રકારના લાડવા (૬)
૨. મસ્તી, અટકચાળુ (૩)
૩. યુગ પછી યુગ વિતતા જશે તેને... સુધી કહેવાય (૨)
૪. નિપુણ, ચતુર (૪)
૫. ધર્મ, ગ્રંથ (૨)
૮. બગલથેલો, થેલો (૩)
૯. માણસની ઊંચાઈનો (૫)
૧૧. પ્રલય, નાશ (૩)
૧૨. પદ, હોદ્દો (૩)
૧૫. શુધ્ધ દિલનું (૪)
૧૬. પાયલ, ઝાંઝર (૩)
૧૮. આડુ તિલક (૨)
૧૯. પાણી, નીર (૨)

**શબ્દાવલી ૪૮૧૦ના જવાબ**

**આડી ચાવી :-** (૧) સંપત્તિ (૪) ચપરાશી (૭) બંદર (૮) ટાપશી (૯) થડકો (૧૧) ભવ (૧૪) નવિન (૧૫) ખોરાક (૧૭) પુષ્પ (૧૮) દમક (૧૯) સોસ (૨૧) બકવાસ (૨૩) મર્કટ (૨૪) મારો


**ઊભી ચાવી :-** (૧) સંબંધી (૨) પદ (૩) તિરથ (૪) ચટાકો (૫) પપ (૬) રાશ ભવિષ્ય (૧૦) ડગ (૧૨) વન (૧૩) આરામ (૧૪) નપુંસક (૧૫) ખોદકામ (૧૬) કકળાટ (૧૯) સોબત (૨૦) સોંસરો (૨૨) વામા

# મધ્યપ્રદેશમાં વરસાદથી રાત્રે નર્મદા ડેમ છલકાયો

અમદાવાદ, તા.૭

મધ્યપ્રદેશમાં છેલ્લા ૩ દિવસથી થઈ રહેલા ભારે વરસાદના કારણે ઉપરવાસના જળાશયોમાંથી સરદાર સરોવર નર્મદા બંધમાં ૪.૫૦ લાખ ક્યુસેક્સ પાણીની થઈ રહેલ વિપુલ આવકના પગલે ડેમની સપાટી દર કલાકે ૨૯ સે.મી. વધી રહી છે.

ગુજરાતમાં વરસાદની અછત વચ્ચે ચાલુ ચોમાસાની મોસમમાં પ્રથમવાર મંગળવારે મધરાતે રાજ્યની જીવાદોરી સમાન નર્મદા બંધ છલકાઈ ઉઠવાની ઘડીઓ ગણાઈ રહી છે. નર્મદા જિલ્લાના કાંઠા વિસ્તારોનાં ૨૫ થી વધુ ગામોને તકેદારીના ભાગરૂપે તંત્ર દ્વારા સાબદાં કરી દેવાયા છે. મંગળવારે સાંજે ૪ કલાકે નર્મદા ડેમમાં ઉપરવાસમાંથી ૪.૫૦ લાખ ક્યુસેક્સ પાણીની આવકનાં પગલે જળસ્તર વધીન ૧૧૭.૧૫ મીટર નોંધાયું હતું. નર્મદા ડેમ કંટ્રોલ ઓથોરીટીએ ઓવરફલો થકી નદીમાં પાણી વહી જવાની સ્થિતિને ધ્યાને લઈ પાણીનો સદઉપયોગ કરવા બન્ને જળવિદ્યુત મથકો તેની પૂર્ણ ક્ષમતાએ ધમધમાવી મહત્તમ વીજ ઉત્પાદન શરૂ કરી દીધું છે. ૧૨૦૦ મેગાવોટ ક્ષમતા ધરાવતા રીવરબેડનાં છ ટર્બાઈન અને ૨૫૦ મેગાવોટની ક્ષમતા ધરાવતા કેનાલહેડનાં પાંચ યુનિટ ધમધમાવી દેવાતા ૫૦ હજાર ક્યુસેક્સ પાણીનો વપરાશ કરીને હાલ વીજ ઉત્પાદન કરી રહ્યાં છે.



ડૉ. ગનીભાઈ મનસુરી જે હાલમાં અખંડ આનંદ આયુર્વેદ કોલેજના પ્રિન્સિપાલ તેમજ ગુજરાત યુનિ.માં સેનેટ સિન્ડીકેટ સભ્ય પણ છે. તેમની ભારત સરકાર દ્વારા સી.સી.આઈ.એમ. ન્યુ. દિલ્હી ખાતે નિમણુંક થતાં તેમનો સન્માન સમારોહ સમાજના અગ્રણી હાજી ઈસાકભાઈ મનસુરી (નિકોલ) દ્વારા તેમના નિવાસ સ્થાને રાખવામાં આવ્યો હતો. જેમાં સમાજના અગ્રણીઓ, મ્યુ. કોર્પોરેટરો, સરયુ મંદિરના મહંત શિવરામદાસજી તથા મૌલાના મિન્તુલ્લાહ દ્વારા આશીર્વાદ આપી પુષ્પમાળા પહેરાવી સ્વાગત કરવામાં આવ્યું હતું.

# વાઈબ્રન્ટ ગુજરાત સમિટ અંગે આજે અમદાવાદમાં સેમિનાર

ગાંધીનગર, તા.૭

આગામી વાઈબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમિટ ૨૦૧૩ના સફળ આયોજનની પૂર્વતૈયારીરૂપે ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ બોર્ડ (જીઆઈડીબી) દ્વારા અમદાવાદ ખાતે એક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. તા. ૮ ઓગસ્ટ, બુધવારના રોજ અમદાવાદમાં ગ્રાન્ડ ભગવતી હોટલ ખાતે આયોજિત આ સેમિનારમાં વિવિધ ઉદ્યોગગૃહોનાં સીઈઓ, રાષ્ટ્રિય અને આંતરરાષ્ટ્રીય તજજ્ઞો, જાપાન એક્ષર્ટનલ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન (જેટ્રો)નાં અધિકારીઓ અને ગુજરાત સરકારનાં પ્રતિનિધિઓ ભાગ લેશે. સેમિનારમાં સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રિજિયન, ઈન્ડસ્ટ્રીયલ પાર્ક અને લોજીસ્ટીક પાર્કનાં વિકાસ જેવા વિષયો પર ચર્ચાવિચારણા થશે. આ ઉપરાંત સેમિનારમાં દિલ્હી-મુંબઈ ઈન્ડસ્ટ્રીઅલ કોરિડોર, ઈન્ટીગ્રેટેડ ઈન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ, કનેક્ટીવીટી ઈન્ફ્રાસ્ટ્રકચર, ડિજીટલ ઈન્ફ્રાસ્ટ્રકચર, સ્માર્ટ સિટી જેવા વિષયો ઉપર પણ વિચારણા કરવામાં આવશે.

ગુજરાતને ગ્લોબલ ઈકોનોમિક હબ બનાવવા અંગે વિવિધ ક્ષેત્રોનાં અગ્રણીઓ પોતાનાં વિચાર રજુ કરશે. ઉલ્લેખનીય છે કે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની આગેવાનીમાં રાજ્ય સરકારે ધોલેરા, દહેજ, અલિયાબેટ, સાંતલપુર, હાલોલ-સાવલી અને નવલખી જેવા સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રિજિયન (સર)ના નિર્માણનું આયોજન કર્યું છે.

## અછતગ્રસ્ત જાહેર

● અનુસંધાન પહેલાનું ચાલુ

મંત્રીશ્રી નરોત્તમભાઈ પટેલ, મહેસૂલ મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ, જળસંપત્તિ મંત્રીશ્રી નીતિનભાઈ પટેલ, કૃષિમંત્રીશ્રી દિલીપભાઈ સંઘાણી, વનમંત્રીશ્રી મંગુભાઈ પટેલ તથા મુખ્ય સચિવશ્રી એ. કે. જોતી, જળસંપત્તિ સલાહકાર શ્રી બી.એન. નવલાવાલા અને સંબંધકર્તા વરિષ્ઠ સચિવશ્રીઓએ વરસાદ, ખેતીવાડી, પાકના વાવેતર, પીવાના પાણી, ઘાસચારો અને આનુસંગિક રાહતના પગલાંની સર્વગ્રાહી સમીક્ષા કરી હતી.

સમિતિએ ઠરાવ્યું હતું કે રાજ્યના જે જિલ્લામાં અત્યાર સુધી ૧૫૦ મી.મી.થી ઓછો વરસાદ થયો હોય તે જિલ્લાના તમામ તાલુકાને અછતગ્રસ્ત જાહેર કરવા અને જે જિલ્લાના તાલુકામાં ૧૨૫ મી.મી.થી ઓછો વરસાદ નોંધાયો હોય તે જિલ્લાના તે તાલુકાને અછતગ્રસ્ત જાહેર કરવામાં આવે.

તદ્અનુસાર રાજ્યના કચ્છ, સુરેન્દ્રનગર, રાજકોટ, જામનગર, પોરબંદર, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, અમદાવાદ, ગાંધીનગર, પાટણ, બનાસકાંઠા, મહેસાણા અને ભરૂચ જિલ્લો એમ ૧૪ જિલ્લાઓના તમામ તાલુકા તેમજ ૧૨૫ મી.મી.થી ઓછો વરસાદવાળા, સાબરકાંઠાના બાયડ અને પ્રાંતિજ તાલુકા, ખેડા જિલ્લાના ખેડા, મહેમદાવાદ, મહુધા, માતર અને નડિયાદ તાલુકા, આણંદ જિલ્લાના પેટલાદ, તારાપુર અને ઉમરેઠ તાલુકા, વડોદરા જિલ્લાના ડભોઈ, નસવાડી, ક્વાંટ અને વાઘોડિયા તાલુકા, પંચમહાલના ગોધરા, ખાનપુર અને શહેરા તાલુકા અને નર્મદા જિલ્લાના તિલકવાડા તાલુકાને અછતગ્રસ્ત જાહેર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

# શહેર પેન્શર્સ સમાજ સ્વાતંત્ર્યદિનની ઉજવણી કરશે

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ સ્વાતંત્ર્યદિનની ઉજવણી તા. ૧૫મી ઓગસ્ટના રોજ કરશે. તે દિવસે સવારે ૯.૦૦ સંસ્થાના કાર્યાલયમાં પ્રમુખ એસ.ડી. આર. મલિકના હસ્તે ધ્વજવંદન થશે. ધ્વજવંદન બાદ સેકટર-૨૮ સમર્પણ સંસ્થાના બાળકોની મુલાકાત લઈ નાસ્તાનું વિતરણ કરવામાં આવશે. તમામ સભ્યોએ ધ્વજવંદન તથા અન્ય કાર્યક્રમોમાં હાજર રહેવા જણાવવામાં આવેલ છે.

## ઉદગમ ટ્રસ્ટ અને...

● બીજા પાનાનું અનુસંધાન

લીલાબેન મહેતા, જશુબેન ઠક્કર, આરતીબેન ભટ્ટ, કુંપલબેન દવે, મીનળબેન ઓઝા, જયશ્રીબેન ખેતિયા, ડૉ. બિંદીબેન ગજ્જર, દેવાંશીબેન ઠાકર, પ્રજ્ઞાબેન જોષી, રક્ષિતાબેન ઉપાધ્યાય, અંજલીબેન ભટ્ટ, જલ્પાબેન શાહ, આદિતીબેન ત્રિવેદી, પરમજીતકૌર છાબડા, આરતીબેન શાહ, ચિત્રન્તુષાબેન વ્યાસ, હર્ષાબા ધાંધલ અને સ્વાતિબેન રાઓલે નિર્ણાયકો તરીકે નિષ્પક્ષ અને તટસ્થ કામગીરી બજાવી હતી.

ગાંધીનગર નારી ઉત્સવમાં સમાપનમાં મુખ્ય મહેમાન તરીકે માનવસ્મૃતિ ટ્રસ્ટના ચેરમેન મુકેશ પટેલ, અતિથિ વિશેષ તરીકે પ્રજ્ઞાબેન જોષી અને નિમેશ શાહ ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને ગાંધીનગર નારી ઉત્સવની વિવિધ સ્પર્ધાઓમાં વિજેતાઓને ઈનામ આપી સન્માનિત કર્યા હતા. સમાપન કાર્યક્રમમાં ઉદ્ગમના મયુરભાઈ જોષીએ મહેમાનોનું શાબ્દિક સ્વાગત સાથે ચરખો મહાનુભાવોને મોમેન્ટો આપ્યા હતા. અખિલ ભારતીય સામાજિક સ્વાસ્થ્ય સંઘના નીલમબેન કામદારે મહેમાનોનો આભાર વ્યક્ત કર્યો હતો તથા સંસ્થાની સમગ્ર ટીમના મંદાબેન, ઉષાબેન, પ્રતિભાબેન, હંસાબેન, દક્ષાબેન, સાવિત્રીબેન, મંજુલાબેન, લીલાબેન, અતુલભાઈ ડોડિયા, જૈમિનીબેન, ભરતભાઈ, પ્રદિપભાઈએ કાર્યક્રમને સફળ બનાવવા સક્રિય યોગદાન આપ્યું હતું. સમગ્ર નારી ઉત્સવનું સંચાલન શર્મિષ્ઠાબેન દવેએ કર્યું હતું.